# નવસારી-વલસાડમાં 937 પકડાયા



*થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર અને ઈસુના નવા વર્ષને બિયર-દારૂના ચિયર્સ સાથે વધાવવાનું કેટલાક લોકોને ભારે પડ્યું હતું. નવસારી અને પોલીસે દારૂ પીનારાઓ માટે સ્પેશિયલ ડ્રાઈવ યોજી હતી, જેમાં 937 લોકો પોલીસની અડફેટે ચઢી જતાં પોલીસે આ તમામ વિરુદ્ધ વલસાડ શહેર ઉપરાંત જિલ્લામાં કાયદાનો દંડો ઉગામ્યો હતો.*

## નવસારી જિલ્લામાં દારૂ-નશા સામે પોલીસની કડક કાર્યવાહી

**નવા** વર્ષની ઉજવણી દરમિયાન બે દિવસમાં ૩૩૭ કેસ, વિદેશી-દેશી દારૂ અને નશીલા પદાર્થો જપ્ત

નવસારીઃ નવસારી જિલ્લામાં નવા વર્ષની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પોલીસ દ્વારા દારૂ અને નશા સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ તથા તા. ૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન સમગ્ર જિલ્લામાં વ્યાપક ચેકિંગ અને પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, આ સમયગાળા દરમિયાન મોટર વાહન અધિનિયમ-૧૮૫ હેઠળ કુલ ૩૩૭ કેસ નોંધાયા હતા. જાહેર સ્થળે દારૂ પીતા લોકો સામે પિયાવાના કુલ ૩૫ કેસ નોંધાઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. વિદેશી દારૂ બાબતે ૪ કેસમાં કુલ ૧૮૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૧૫,૪૦૦ થાય છે.

તે ઉપરાંત, દેશી દારૂના ગેરકાયદે વેચાણ અને સંગ્રહ સામે પણ પોલીસ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હતા. આ દરમિયાન ૨૩ કેસમાં કુલ ૬૭ લિટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, જેની કિંમત અંદાજે રૂ. ૧૩,૪૦૦ દર્શાવવામાં આવી છે. ભઠ્ઠી તથા નશીલા પદાર્થો બાબતે પણ કાર્યવાહી હાથ ધરાઈ હતી, જેમાં ૫ કેસમાં કુલ ૧૫ લિટર વોશ તેમજ ૧૦ લિટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. સાધનસામગ્રીની કુલ કિંમત રૂ. ૩,૮૭૫ થાય છે. નવસારી પોલીસ દ્વારા નવા વર્ષની ઉજવણી દરમિયાન દારૂ અને નશાના ગેરકાયદે કારોબાર સામે લેવામાં આવેલી આ કાર્યવાહીથી જિલ્લામાં શાંતિ અને સુરક્ષા જાળવવામાં મહત્વપૂર્ણ સફળતા મળી હોવાનું જાણવા મળે છે.

## વલસાડ પોલીસનો સપાટોઃ એક જ દિવસમાં 'ડ્રીંક એન્ડ ડ્રાઈવ'ના 379 કેસ

**પોલીસની** કડકાઈના પગલે દમણ જતાં માર્ગો પર સન્નાટો છવાયેલો રહ્યો

વાપી ટાઉન પોલીસ દ્વારા ડ્રિંક એન્ડ ડ્રાઈવના બે દિવસમાં 23, પીધેલા 87 જ્યારે જીઆઈડીસી પોલીસમથકમાં 30 અને 33 જ્યારે વાપી ડુંગરા પોલીસ મથકે 31મીએ 12 અને 25 કેસો નોંધાયા હતા.

વલસાડઃ વલસાડ જિલ્લામાં 31મી ડિસેમ્બરની ઉજવણી ટાણે પોલીસે દારૂડિયાઓ પર કહેર વર્તાવ્યો છે. જિલ્લા પોલીસે હાથ ધરેલા સઘન ચેકિંગ દરમિયાન માત્ર 31મી ડિસેમ્બરના એક જ દિવસમાં ડ્રંક એન્ડ ડ્રાઈવના રેકોર્ડબ્રેક 379 કેસો નોંધીને કાયદાનો કડક અમલ કરાવ્યો છે. પોલીસની આ લાલ આંખને કારણે ન્યૂ યરની ઉજવણીમાં ભંગ પડ્યો હતો અને રસ્તાઓ સૂમસામ ભાસતા હતા.

પોલીસ અધિક્ષકની સૂચના મુજબ જિલ્લામાં 11 કાયમી અને 6 નવી મળી કુલ 17 ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઉપરાંત 36 જેટલા અલગ અલગ પોઈન્ટ્સ પર બ્રેથ એનાલાયઝર મશીન સાથે પોલીસ ખડેપગે રહી હતી. છેલ્લા 3 દિવસમાં કુલ 400થી વધુ કેસો થયા છે, જેમાં સૌથી વધુ કાર્યવાહી 31મીની રાત્રે જોવા મળી હતી. ખાસ કરીને પારડી કલસર ચેકપોસ્ટ અને વાપી ચલા વિસ્તારમાં પોલીસે સપાટો બોલાવ્યો હતો.

પોલીસની આ કડક કાર્યવાહી અને પકડાઈ જવાના ડરે 31મી ડિસેમ્બરની સાંજે દમણ તરફ જતાં માર્ગો પર સન્નાટો છવાઈ ગયો હતો. સામાન્ય દિવસોમાં ધમધમતા આ રસ્તાઓ પર પોલીસના ડરે વાહન વ્યવહાર નહિવત જોવા મળ્યો હતો.

## પારડી પોલીસનું ડ્રોનથી ફાર્મ હાઉસ, ગામડાઓમાં સર્વેલન્સ



પારડીઃ 31st અને નવા વર્ષને લઈને વલસાડ જિલ્લા પોલીસ એલર્ટ મોડ પર રહી હતી. ત્યારે થર્ટી ફર્સ્ટની રાત્રે પારડી પોલીસે ડ્રોન દ્વારા સર્વેલન્સ હાથ ધર્યું હતું. જેમાં કોલક નદીના કાંઠા વિસ્તારમાં ડ્રોન સર્વેલન્સ કરાયું હતું. પારડી પીઆઈ જી.આર.ગઢવી તેમજ તેમની ટીમ દ્વારા રાત્રે ખડેપગે તૈનાત રહી બોર્ડર વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધર્યું હતું. દમણની હદ પર નદી કાંઠા વિસ્તારમાં આવેલા ફાર્મ હાઉસો, વાડી વિસ્તાર તરફ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અગાઉ કોલક નદી મારફતે અનેક વખત ગેરકાયદે રીતે દારૂની હેરાફેરી થતી હોવાના કિસ્સાઓ સામે આવ્યા હતા. મોડી રાત સુધી કાંઠા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે દારૂની મહેફિલ ન યોજાઈ તે માટે પોલીસ એલર્ટ મોડ પર જોવા મળી હતી.

## ચીખલીમાં નશાની હાલતમાં 53 પકડાયા

ઘેજઃ ચીખલીમાં ૩૧ ડિસેમ્બરની રાત્રે પોલીસ દ્વારા જાહેર રોડ પરથી પસાર થતાં રાહદારીઓ તેમજ શંકાસ્પદ વાહનચાલકોને અટકાવી બ્રેથ એનાલાઇઝર મશીનની મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન દારૂનું સેવન કરી જાહેરમાં નશાની હાલતમાં ફરતા તેમજ વાહન હંકારતા કુલ ૫૩ જેટલા શખ્સને પોલીસે ઝડપી પાડ્યા હતા. તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. પોલીસે નશાની હાલતમાં વાહન ચલાવનારાઓને ચેતવણી આપતાં જણાવ્યું છે કે, જાહેર સલામતીને જોખમમાં મૂકનારાઓ સામે આગળ પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## પારડીના કલસર પાતલિયા ચેકપોસ્ટ પર 50 પીધ્ધડ સામે કાર્યવાહી



પારડીઃ પારડીના કલસર પાતલિયા ચેકપોસ્ટ પર થર્ટી ફર્સ્ટ નવા વર્ષની ઉજવણી કરીને દમણથી આવતા દારૂડિયાઓને પોલીસે ઝડપી પોલીસ વાન ભરીને પોલીસ મથકે લઇ જવામાં આવ્યા હતાં. દમણથી દારૂનો નશો કરીને ગુજરાતમાં આવતા ગતરોજ 50 જેટલા પીધ્ધડો સામે પોલીસે કાર્યવાહી કરી હતી. આધુનિક બ્રીથ એનેલાઇઝર વડે કડક ચેકીંગ પારડી પોલીસ મથકના પીઆઇ જી.આર. ગઢવીની ટીમે હાથ ધરી હતી. નાના-મોટા દરેક વાહનચાલકોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં 50 જેટલા પીધ્ધડો સામે પોલીસે કાયદાકીય પગલાં લીધા હતા.

## ધરમપુરમાં થર્ટી ફર્સ્ટે માત્ર દારૂ પીધેલા 18 પકડાયા

ધરમપુર\R: ધરમપુરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી મોટાભાગે શાંતિપૂર્ણ રીતે થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જોકે આ વખતે ધાર્યા કરતા ઓછી સંખ્યામાં દારૂ પીધેલા લોકો ઝડપાતા માત્ર 18 ઇસમ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. 31 ડિસેમ્બરની ઉજવણીના શોખીનો દ્વારા જાહેર સ્થળોએ ભીડ ન કરતાં પોતાના ઘર અથવા વાડીઓમાં ખાનગી રીતે ઉજવણી કરવામાં આવી હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ધરમપુર પોલીસે આસુરા ચોકડી, બિલપુડી બાયપાસ સહિત આજુબાજુના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. પોલીસે વાહનચાલકો અને શંકાસ્પદ ઇસમોની બ્રેથ એનાલાઈઝરથી તપાસ કરી દારૂ પીધેલા લોકોને ઝડપી કાયદેસર કાર્યવાહી કરી હતી.



## ઉમરગામ વિસ્તારમાં ડ્રીંક એન્ડ ડ્રાઈવના 100થી વધુ કેસ

ઉમરગામઃ થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં નશાની હાલતમાં ફરતા લોકોને ઝડપી પાડવા પોલીસે એક્શન પ્લાન બનાવ્યો હતો. ઉમરગામ, નારગોલ મરીન, અને ભીલાડ પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઈવના 100થી વધુ કેસ પોલીસ ચોપડે નોંધાવા પામ્યા હતા. ક્રિસમસની ઉજવણી અને થર્ટી ફર્સ્ટને લઈ વલસાડ જિલ્લાની પોલીસ ડ્રિંક એન્ડ ડ્રાઈવને લઈ સતત ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ઉમરગામ પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઈવના 32 કેસો, ભીલાડ પોલીસે 62 કેસો અને નારગોલ મરીન પોલીસ દ્વારા 14 કેસો નોંધવામાં આવ્યા છે. નશો કરેલી હાલતમાં પકડાયેલાઓએ 31મી ડિસેમ્બર અને વર્ષનો પહેલો દિવસ જેલમાં વિતાવવો પડ્યો હતો.

# દમણમાં 2025ને ભીની વિદાય સાથે ન્યૂ યર 2026નું ચિયર્સ

**દેવકાના** નમોપથ પર નૂતન વર્ષને વધાવવા માટે પર્યટકોનું કીડિયારું ઊભરાયું

**સ્થાનિક** ઉપરાંત દ.ગુ. અને અન્ય રાજ્યોના હજારો પ્રવાસીઓ ઊમટ્યા, ડી.જે.ના તાલે 2026ના વધામણા



દમણઃ સંઘપ્રદેશ દમણમાં થર્ટી ફસ્ટ અને નવા વર્ષની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. જેમાં નાની દમણના દેવકા નમોપથ પર નવા વર્ષની ઉજવણી માટે પર્યટકોનું ઘોડાપુર ઉમટેલું જોવા મળ્યું હતું.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સંઘપ્રદેશ દમણમાં થર્ટી ફર્સ્ટની અને નવા વર્ષની ઉજવણી માટે દક્ષિણ ગુજરાતની સાથે વડોદરા, અમદાવાદ, મહારાષ્ટ્ર, મુંબઇ તથા આસપાસના વિસ્તારના પર્યટકો પ્રદેશમાં ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં પર્યટકો પ્રદેશમાં આવતા દેવકા સહિત વિવિધ વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ, હોમ સ્ટે, ભાડે પર અપાતા બંગલાઓ સહિતના નાના રહેવા માટેના રૂમ હાઉસ ફૂલ થઈ જવા પામ્યા હતા. જેના કારણે હોટલ સંચાલકોમાં પણ ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી. થર્ટી ફસ્ટની સાંજથી જ દેવકાના નમોપથ, છપલી શેરી દરિયા કિનારો, મોટી દમણ લાઈટ હાઉસથી લઈ જમપોર દરિયા કિનારે પર્યટકો મોટી સંખ્યામાં આવતા જોવા મળ્યા હતા. પ્રદેશની વિવિધ હોટલોમાં પણ આવતા મહેમાનો દારૂ-બીયર અને વેજ-નોનવેજની જયાફત સાથે ડી.જે.ના તાલ પર થીરકી રાત્રે 12ના ટકોરાની રાહ જોઈ રહ્યા હતા. રાત્રે 12ના ટકોરા પડતા જ નાચગાન સાથે નવા વર્ષના વધામણા કરી વર્ષ 2025ને અલવિદા કહી વર્ષ 2026ના પ્રથમ દિવસને ઉત્સાહ સાથે વધામણા કરી એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

### પ્રતિબંધને પગલે ફટાકડા-આતશબાજી લેઝર લાઈટ મારફતે કરવા પડ્યા

જો કે, આ વર્ષે પ્રશાસને દેવકા નમોપથ, નાઈટ માર્કેટ, મોટી દમણ લાઈટ હાઉસ, જમપોર બીચ સહિત ફોર્ટ વિસ્તારમાં ફટાકડા તથા આતશબાજી ફોડવા પર પ્રતિબંધ લગાવતા હોટલમાં આવેલા ડી.જે. સંચાલકોએ લેઝર લાઈટ મારફતે જ ફટાકડા ફૂટતાં હોય એ પ્રમાણેની પ્રતિકાત્મક છબી આકાશમાં ઉભી કરી હતી. પ્રદેશમાં ટ્રાફિક વ્યવસ્થા બાધીત ન થાય એ માટે પહેલાથી જ દમણ પોલીસ વિભાગ દ્વારા રૂટ મેપ જારી કરી દેતાં ટ્રાફિકજામના દ્રશ્યો મહદઅંશે જોવા મળ્યા ન હતા.

### ચેકિંગના પગલે ગુજરાત ચેકપોસ્ટ પાસેના બાર એન્ડ રેસ્ટોરન્ટમાં પર્યટકોની પાંખી હાજરી

થર્ટી ફર્સ્ટના દિવસ અનુરૂપ દમણ ગુજરાત સીમા પર ગુજરાત પોલીસ વિભાગ દ્વારા દારૂ ઢીંચીને આવતા લોકો અને પર્યટકોને પકડી તેમની સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી જેલના સળિયા પાછળ ધકેલવાની કાર્યવાહી કરતા હોવાને લઈ આ વર્ષે ગુજરાત હદની પાસેના દમણના પાતલીયા, કચીગામ સહિત આટિયાવાડ અને બામણ પૂજા ચેકપોસ્ટ પાસેના બાર એન્ડ રેસ્ટોરન્ટમાં પર્યટકોની પાંખી હાજરી જોવા મળી હતી.

# માણેકપોરના યુવકનું ઊલટી બાદ મોત

ઘેજઃ ચીખલી તાલુકાના માણેકપોર ગામે ઊલટી થવાથી અચાનક તબિયત બગડતાં બેભાન થયેલા એક યુવાનનું સારવાર પૂર્વે જ મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. બનાવની પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, માણેકપોર સ્થિત ઉમિયા ગોળ ફાર્મ ખાતે રહેતો મહેશ જગન સીંદે (ઉ.વ. ૧૮) મૂળ બાયગર પટેલ ફળીયા, તાલુકો પાનસેલમલ, જિલ્લો બડવાની (મધ્યપ્રદેશ)નો રહેવાસી હતો. રાત્રે મહેશને અચાનક ઊલટી થવા લાગી હતી. તે જમીન પર ઢળી પડતાં તે બેભાન થઈ ગયો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તેને સારવાર અર્થે ચીખલીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે ત્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ એએસઆઈ રચનાબેન ખેંગારભાઈ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

## વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદને લઈ ખેતી પાકોમાં નુકસાન અંતર્ગત

# 29,661 ખેડૂતને 48.03 કરોડની સહાય ચૂકવાઈ

**32,046 ખેડૂતની** સહાય અરજીમાંથી 31,595 મંજૂર, માત્ર 1385 પેન્ડિંગ સૌથી વધુ નુકસાન ડાંગરના પાકમાં

ગુજરાતમિત્ર વિશેષ

### ખેડૂત સહાય અપડેટ

- » કુલ અરજી : 32,046
- » મંજૂર અરજી : 31,595
- » સહાય ચૂકવાયેલી અરજી : 29,661
- » ખેડૂતોને ચૂકવાયેલી સહાયની રકમ : 48.03કરોડ
- » પેન્ડિંગ અરજી : 1,385

વલસાડઃ વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદના કારણે ખેતીમાં થયેલા નુકસાન બાબતે સરકારે કરેલા સરવે બાદ નુકસાની સહાય માટે 49 કરોડની ફાળવણી કરી હતી. જિલ્લામાંથી કુલ 32046 ખેડૂતોએ અરજી કરી હતી, જે પૈકી અત્યાર સુધી 29661 ખેડૂત લાભાર્થીઓને 48.03 કરોડની સહાય ચૂકવી દેવાઈ હોવાનું ખેતીવાડી વિભાગ વલસાડ દ્વારા જાણવા મળ્યું છે. બાકીના 1385 ખેડૂતોને પણ ટેકનિકલી સમસ્યા દૂર થતાં સહાય ચૂકવી દેવાશે. જિલ્લામાં કમોસમી વરસાદને લઈ ખેતી સાથે ડાંગરના પાકને વ્યાપક નુકસાન થયું હતું. સૌથી વધુ નુકશાન ધરમપુર અને કપરાડા તાલુકામાં થયું હતું અને તેમાં પણ ડાંગરના પાકને મોટું નુકસાન થયું હતું. વિશેષ કરી નદી અને ખાડીઓ નજીકમાં ખેતરોના પાકને મોટું નુકસાન પહોંચ્યું હતું. તો સાથે કેળ, શાકભાજી અને બાગાયતી પાકોને પણ નુકસાન થયું હતું. સરવે પૂર્ણ થતાં સરકારે વલસાડ જિલ્લા માટે નુકસાનીના 49 કરોડ રૂપિયા ફાળવ્યા હતા, તે અંતર્ગત ખેડૂતો દ્વારા કરાયેલી અરજીઓ અને ચકાસણી બાદ ખેડૂતોના ખાતામાં સહાયની રકમ ચૂકવવામાં આવી રહી છે.

### બાકી અરજીઓની સહાય ચૂકવી દેવાશેઃ જિલ્લા ખેતીવાડી અધિકારી

જિલ્લા ખેતીવાડી અધિકારી અરુણભાઇ ગરાસીયાએ જણાવ્યું કે, ચાલુ વર્ષે ભારે વરસાદને લઈ ખેતીના પાકમાં થયેલા નુકસાનનો સરવે પૂર્ણ કરી રિપોર્ટ કલેક્ટરમાં સોંપી દેવાયો હતો. જે અંતર્ગત અત્યાર સુધી 29,661 ખેડૂત લાભાર્થીઓને રૂ.48.03 કરોડની સહાય તેમના બેંક ખાતામાં ડી.બી.ટી. દ્વારા ચૂકવી દેવાઈ છે, હવે બાકી રહેલી અરજીઓનો પણ નિકાલ કરી ખેડૂતોને સહાય ચૂકવી દેવાશે.

# મહાનગરપાલિકાની મહાભૂલ, રોડ ઉપર વીજલાઈન ખુલ્લી

**નવસારી** મહાનગરપાલિકાના અણઘડ પ્લાનિંગથી અકસ્માતની ભીતિ સાથે નાગરિકોમાં રોષ

**રોડ-ડિવાઈડર** બની ગયા બાદ વીજ વિભાગને વીજલાઈન પસાર કરવાનું ભાન થયું ને મંડ્યા ખોદવા



નવસારીઃ નવસારી શહેરમાં ચાલી રહેલા વિકાસકાર્યો ફરી એકવાર વિવાદમાં આવ્યા છે. નવસારી મહાનગરપાલિકા દ્વારા અંદાજે બે મહિના પહેલા મુખ્ય માર્ગો પર ડિવાઇડર બનાવવામાં આવ્યા હતા, પરંતુ આયોજનની ગંભીર ખામીઓ હવે સામે આવી રહી છે. ડિવાઇડર બનાવતી વખતે વીજ પોલ અને વીજ લાઈનો અંગે કોઈ પૂર્વ આયોજન નહીં કરાતા, હવે નવી નાંખવામાં આવેલી વીજલાઈનો ખુલ્લી હાલતમાં બહાર દેખાઈ રહી છે, જે કોઈપણ સમયે અકસ્માતને આમંત્રણ આપી શકે છે.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ, ડિવાઇડર બન્યા પછી વીજ વિભાગને યાદ આવ્યું કે અહીંથી વિજ લાઈન પસાર કરવી જરૂરી છે. પરિણામે, રોડની બાજુ અને ડિવાઇડર નજીક જોખમી રીતે લાઈનો ખેંચવામાં આવી છે. ખાસ કરીને રાત્રિના સમયે અથવા વરસાદ દરમિયાન આ લાઈનો ગંભીર જોખમ બની શકે છે. ટુ-વ્હીલર ચાલકો, રાહદારીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે આ સ્થિતિ વધુ ખતરનાક હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. નાગરિકોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો માંગ કરી રહ્યા છે કે જવાબદાર અધિકારીઓ સામે જવાબદારી નક્કી કરવામાં આવે અને તાત્કાલિક ધોરણે વીજ લાઈનોને સુરક્ષિત રીતે ભૂગર્ભમાં કે યોગ્ય માર્ગે ખસેડવામાં આવે. નહીં તો કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી મહાનગરપાલિકાની રહેશે, એવો કડક સંદેશ નાગરિકો આપી રહ્યા છે.

### વિકાસ કાર્ય શરૂ કરતાં પહેલા અન્ય વિભાગો સાથે સમન્વય કેમ સધાયો નહીં?

આ સમગ્ર મામલો મહાનગરપાલિકાના આયોજન અને સંકલન પર મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. વિકાસકાર્ય શરૂ કરતા પહેલાં અન્ય વિભાગો સાથે સમન્વય કેમ સાધવામાં આવ્યો નહીં? યુટિલિટી શિફ્ટિંગ માટે કોઈ સ્પષ્ટ પ્લાન કેમ બનાવાયો નહીં? વર્ષ 2025માં, જ્યારે ડિજિટલ ટેક્નોલોજી, GIS મેપિંગ અને આધુનિક પ્લાનિંગ પદ્ધતિઓ ઉપલબ્ધ છે, ત્યારે આવી ભૂલો થવી મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી દર્શાવે છે.

## પારડીમાં ફરવા જવાનું કહી નીકળેલા યુવકની નદીમાંથી લાશ મળી

પારડીઃ પારડી હરિયાવાડ પાર્વતી એપાર્ટમેન્ટમાં રહેતા અનુજ વિનોદભાઈ મૈરાળે (ઉં.વ.19, મૂળ રહે., અતુલ વલસાડ) ગત રોજ 31 ડિસેમ્બરની સાંજે બાઈક (નં. જીજે 15 બીઈ 7443) લઈને ઘરેથી ફરવા જાઉં છું કહી નીકળ્યો હતો. જે બાદ મોડે સુધી યુવાન ઘરે પરત ન ફરતા પરિવારે મોબાઈલ પર ફોન કર્યો હતો. જો કે તેનો ફોન બંધ આવતા પરિવારે આસપાસ તપાસ કરી હતી. જ્યાં ચંદ્રપુર પાર નદી કિનારે યુવાનની બાઈક મળી આવી હતી. જે બાદ ચંદ્રપુર તરવૈયાની ટીમે આજે સવારે શોધખોળ કરતા પાર નદીમાંથી યુવાનની લાશ મળી આવી હતી.

## નવસારીમાં દેશી તમંચા, 5 કારતૂસ સાથે યુવક ઝડપાયો

નવસારીઃ નવસારી એસ.ઓ.જી. ટીમને ગોપાલનગરથી ઘેલખડી જવાના માર્ગ ઉપર એક શખ્સ શંકાસ્પદ હોવાનું જાણવા મળ્યું હતું. તાત્કાલિક સ્થળ પર પહોંચી મૂળ યુપીના શિવન ત્રિભુવન પ્રસાદ (ઉં.વ.૨૧) નામના યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપી હાલ નગીન જીવનની ચાલમાં દીપકભાઈ રોહિદાસ સોનવણેના ભાડાના મકાનમાં રહેતો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી કોઈ લાઈસન્સ કે પરવાનગી વગરનો દેશી હાથ બનાવટનો કટ્ટો (તમંચો) નંગ-૧, જીવતા કારતૂસ નંગ ૫ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂપિયા ૧૦,૫૦૦ હોવાનું જાણવા મળ્યું છે.

# 'અંધેરી રાત મેં', નવસારી મનપાના બ્લોકની હેરાફેરી

**મહાનગરપાલિકાના** ટેમ્પોમાં સરકારી બ્લોક ભરાયા, શહેર બહાર એક ગામમાં ઠલવાઈ ગયા, ને ટેમ્પો ફસાયો...

**ટેમ્પોને** કાઢવા પણ મનપાનું જ જેસીબી મોકલાયું, ડે.કમિશનરે નોટિસ ફટકારી પરંતુ કાયદેસરની કાર્યવાહી હજુ બાકી

નવસારીઃ નવસારીમાં એક ગંભીર મામલામાં રાત્રે મહાનગરપાલિકાના ટેમ્પોમાં સરકારી બ્લોકો ભરી શહેરની હદ બહારના એક ગામમાં ખાનગી જગ્યાએ ઉતારવામાં આવ્યા હતા. આ દરમિયાન ટેમ્પો ત્યાં ફસાઈ જતા તેને બહાર કાઢવા માટે મહાનગરપાલિકાના જ JCB મશીનનો ઉપયોગ કરાયો હોવાની વિગતો સામે આવી છે. આ ઘટનાથી સરકારી વાહન, સરકારી સામગ્રી અને સરકારી મશીનરી–all ત્રણનો ઉપયોગ ખાનગી હેતુ માટે થયો હોવાની શંકા ઉભી થઈ છે.

સ્થાનિક નાગરિકોએ આ બાબત મીડિયાના ધ્યાન પર લાવતા વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું. ડેપ્યુટી કમિશનર દ્વારા સંબંધિત કર્મચારીઓને નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે, પરંતુ ફોજદારી તપાસ કે FIR નોંધાવવાની દિશામાં કોઈ સ્પષ્ટ કાર્યવાહી જાહેર કરવામાં આવી નથી. પરિણામે સમગ્ર તપાસની નિષ્ઠા, વ્યાપકતા અને પારદર્શિતાને લઈને પ્રશ્નો ઊભા થયા છે. હજી સુધી ટેમ્પોનું GPS ડેટા, વાહન લોગબુક, બ્લોક સ્ટોક રજીસ્ટર, JCB ઉપયોગનો રેકોર્ડ તેમજ સંબંધિત અધિકારીઓની લેખિત મંજૂરી જાહેર કરવામાં આવી નથી. આ દસ્તાવેજો ઉપલબ્ધ થવાથી જ સ્પષ્ટ થઈ શકશે કે આ ઘટના કોઈ વ્યક્તિગત કૃત્ય હતી કે પછી પ્રક્રિયાત્મક ખામી અથવા વ્યવસ્થાત્મક બેદરકારીનું પરિણામ. દસ્તાવેજોની ચકાસણીમાં વિલંબ થવાથી પુરાવા નષ્ટ થવાની શક્યતા અંગે પણ શંકા વ્યક્ત થઈ રહી છે.

### બ્લોકને લઈ જવા, ખાલી કરવા કોઈ મંજૂરી હતી કે કેમ? શા માટે? ઘુંટાતું રહસ્ય

સરકારી બ્લોકોને ખાનગી જગ્યાએ ઉતારવા, સરકારી ટેમ્પો શહેરની હદ બહાર લઈ જવા તથા સરકારી JCBનો ઉપયોગ કરવા માટે સ્પષ્ટ લેખિત મંજૂરી જરૂરી હોય છે. જો આવી મંજૂરી ઉપલબ્ધ ન હોય, તો આ પ્રકારની કાર્યવાહી સરકારી મિલકતના ગેરવપરાશ, સત્તાના દુરુપયોગ અને ફરજમાં બેદરકારીની શ્રેણીમાં આવી શકે છે. આવા સંજોગોમાં માત્ર વિભાગીય નોટિસ પૂરતી માનવામાં આવતી નથી, પરંતુ દસ્તાવેજી પુરાવાના આધારે ફોજદારી તપાસ શરૂ કરવી અને જરૂરી હોય તો FIR નોંધાવવી પણ કાયદેસર પ્રક્રિયા ગણાય છે.